# શહેરમાં ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૯.૦૯ ટકા પરિણામ

**જિલ્લામાંથી ૪૨ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન : શહેરની શાળાઓના ૧૪ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડ : એન કે સ્કુલ ઓફ કોમર્સના ૬ વિદ્યાર્થીઓ ઝળકયા : શાળાના બે વિદ્યાર્થીઓ પ્રથમ ક્રમે : કડી સર્વ વિદ્યાલય મંડળની સે-૨૩ ની શાળાઓના પણ આઠ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો : જિલ્લાનુ પરિણામ ૮૭.૮૪ ટકા : ડભોડા કેન્દ્રનુ સૌથી વધુ ૯૭.૬૧ ટકા પરિણામ**



ગાંધીનગર તા ૪

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર કરાયુ હતુ. જેમાં ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૮૭.૮૪ ટકા આવ્યુ છે જયારે ગાંધીનગર ઉત્તર કેન્દ્રનુ પરિણામ ૮૯.૦૯ ટકા રહ્યુ છે. જિલ્લામાંથી કુલ ૪૨ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જેમાં નગરની શાળાના ૧૪ જેટલા વિદ્યાર્થીઓએ તેજસ્વી પરિણામ પ્રાપ્ત કર્યુ છે. શહેરની એન કે સ્કુલ ઓફ કોમર્સના વિદ્યાર્થીઓ પરિણામમાં વિશેષ ઝળકયા છે. શાળાના બે વિદ્યાર્થીઓ પ્રથમ સ્થાને રહ્યા છે. જયારે કુલ ૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. આ ઉપરાંત કડી સર્વ વિદ્યાલયની પણ આર જી કન્યા વિદ્યાલય , આર સી પટેલ અને એમ બી પટેલ સ્કુલ સહીત સંસ્થાના આઠ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કર્યુ છે. જિલ્લામાં સૌથી વધુ પરિણામ ડભોડા કેન્દ્રનુ ૯૭.૬૧ ટકા આવ્યુ છે. જયારે અડાલજ કેન્દ્રનુ પરિણામ ૭૬.૧૮ ટકા જ આવ્યુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૨ માં લેવાયેલી ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ આજે પરિણામ જાહેર થયુ હતુ ગાંધીનગર જિલ્લાનુ પરિણામ ૮૭.૮૪ ટકા રહ્યુ છે. જિલ્લામાંથી ધો -૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાને અનુલક્ષી ૧૧૨૨૭ વિદ્યાર્થીઓ નોંધાયા હતા જયારે આ પૈકી ૧૧૧૬૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી કુલ ૪૨ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત થયુ છે. જેમાં નગરની વિવિધ શાળાના ૧૪ થી પણ વધુ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આ ઉપરાંત એ ટુ ગ્રેડમાં ૫૯૩ બી વન ગ્રેડમાં ૧૮૪૦, બી ટુ ગ્રેડમાં ૨૭૦૬ જયારે સી વન ગ્રેડમાં ૩૦૪૯, સી ટુ ગ્રેડમાં ૧૪૬૧ અને ડી ગ્રેડમાં ૧૧૨ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જયારે જિલ્લામાંથી કુલ ૧૪૨૩ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. જિલ્લાનુ પરિણામ ૮૭.૮૪ ટકા આવ્યુ છે. જયારે ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૯.૦૯ ટકા આવ્યુ છે. ગાંધીનગર શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. જેમાં ૧૪ જેટલા વિદ્યાર્થીઓ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં તેજસ્વી પુરવાર થયા છે. શહેરની એન કે પટેલ સ્કુલ ઓફ કોમર્સના ૬ વિદ્યાર્થીઓએ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. એટલુ જ નહીં પરંતુ સમગ્ર જિલ્લામાં એન કે સ્કુલ ઓફ કોર્મસના બે વિદ્યાર્થીઓ

● અનુસંધાન પાન-૭ પર

## પેથાપુરમાં રહેતી વૈભવી રોજ ૮ કલાક મહેનત કરતી હતી

સામાન્ય પ્રવાહમાં એ વન ગ્રેડ હાંસલ કરનાર વૈભવી સોલંકીએ પણ આગળ સી એ નો અભ્યાસ કરવો છે. વૈભવી પરીક્ષામાં સફળ થવા માટે પ્રતિદિન આઠ કલાક મહેનત કરતી હતી. વૈભવીએ કોઈપણ ટ્યુશન વિના જ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યુ છે. તેણીની માતા ગૃહીણી છે. જયારે પિતા પોલીસ અધિકારી હતા બે વર્ષ અગાઉ તેણીએ પિતા ગુમાવી દેતા માતાએ તેને અભ્યાસ માટે વિશેષ પ્રોત્સાહન પુરુ પાડયુ હતુ.તેણીનો ભાઈ પણ જી પી એસ સી ની તૈયારી કરી રહ્યો છે. શાળાના શિક્ષકોના માર્ગદર્શનના લીધે સારુ પરિણામ મેળવવાનુ શક્ય બન્યુ છે.

## શહેરમાં પ્રથમ એન કે સ્કુલ ઓફ કોમર્સની આંચલને સી.એ.માં અભ્યાસ કરવો છે

**શાળાના શિક્ષકોનુ સતત માર્ગદર્શન અને મહેનતના લીધે ઉજ્જવળ પરિણામ પ્રાપ્ત થયુ છે : આંચલ પટેલ**

ગાંધીનગર તા ૪

ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રથમ ક્રમે આવનાર શહેરની એન કે સ્કુલ ઓફ કોમર્સની વિદ્યાર્થીની આંચલ પરેશભાઈ પટેલને આગળ સી એ નો અભ્યાસ કરવો છે. તેણી પોતાના ઉજ્જવળ પરિણામ માટે શાળાના શિક્ષકોનુ માર્ગદર્શન તેમજ અભ્યાસમાં નિયમિતતા પર ભાર મુકી સારા પરિણામ માટે મહેનત સિવાય અન્ય કોઈ વિકલ્પ ન હોવાનુ જણાંવે છે.

ધો -૧૨ ની સામાન્ય પ્રવાહમાં આગવુ સ્થાન પ્રાપ્ત કરનારા તેજસ્વી વિદ્યાર્થીઓએ આગળ સી એ બનવા માટે અભ્યાસ કરવાની ખેવના વ્યકત કરી છે. જેમાં એન કે સ્કુલ ઓફ કોમર્સની આંચલ પરેશભાઈ પટેલે પણ હવે સી એ માં અભ્યાસ કરવાની ઈચ્છા વ્યકત કરી છે. સી એ ના અભ્યાસક્રમથી આગળ સારી તક મળે છે. પરિણામ પ્રત્યે તેણીએ સંતોષની લાગણી વ્યકત કરી હતી જયારે પોતાના પરિવારમાં કોઈ સી એ થયુ નથી માટે આમ પણ આ ક્ષેત્રે અભ્યાસ કરવાનો ગોલ નિયત કર્યો હતો. આંચલે એકાઉન્ડ વિષયમાં ૯૯ ગુણ પ્રાપ્ત કર્યા છે. જયારે સ્ટેટમાં ૯૮ અને બી એ માં પુરા ૧૦૦ ગુણ મેળવ્યા છે. તે જણાંવે છે કે અબ્યાસ માટે પિતા પરેશભાઈ અને માતા આરતીબેન સતત પ્રોત્સાહીત કરતા હતા જયારે શાળાના વિષય નિષ્ણાંત રાજેશભાઈ દરજીની શીખવાડવાની પધ્ધતિ પણ વિદ્યાર્થી માટે ખુબ જ અસરકારક પુરવાર થાય છે. જેના લીધે મને અકાઉન્ટ વિષયનો અભ્યાસ કરવાનુ સરળ બની ગયુ હતુ. શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ નિયમિત વાંચન અને મહેનત કરવાથી ચોક્કસ સારુ પરિણામ મેળવી શકાય છે. તેમ પણ તેણીએ જણાંવ્યુ હતુ. જો કે કોઈપણ પ્રકારના દબાણ વિના મહેનતની સાથે સ્માર્ટ વર્ક પણ જરૂરી હોવાનુ તેણીએ જણાંવ્યુ હતુ. તેણીના પિતા પરેશભાઈ જી આઈ ડી સીમાં વર્કર છે.

## તેજસ્વી ઋતુને પરીક્ષામાં બાટલા ચઢાવ્યા પડ્યા હતા

ગાંધીનગરમાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતી એન કે સ્કુલ ઓફ કોમર્સની ઋતુ શાહે ભારે હીંમત દાખવી પરીક્ષા આપી હતી ઋતુ પરીક્ષા દરમિયાન બિમાર પડી જતા તેણીને બાટલા ચઢાવવા પડયા હતા. આમછતા હીંમત રાખીને તેણે પરીક્ષા આપી હતી. પરીક્ષામાં સફળતા બદલ તે પોતાનો શ્રેય શાળાના શિક્ષકોને આપે છે. હવે આગળ સી એ નો અભ્યાસ કરવો છે. જયારે તેણીની માતા મનિષાબેન પણ શિક્ષિકા છે. જયારે પિતા યોગેશભાઈ દુકાન ચલાવે છે. પરીક્ષાના દિવસોમાં ઋતુએ તેના માતા પિતા સાથે પણ ફોન પર વાત કરવાનુ ટાળ્યુ હતુ. જયારે મહેનત અને હીંમત રાખવાની સાથે હકારાત્મક અભિગમ પણ સફળતા માટે અનિવાર્ય હોવાનુ પણ તેણીએ જણાંવ્યુ હતુ.

## ગાંધીનગર જિલ્લાના વિવિધ કેન્દ્રોના પરિણામની ટકાવારી

| કેન્દ્રનુ નામ | બેઠા | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| ગાંધીનગર ઉત્તર | ૨૦૧૬ | ૧૭૯૬ | ૮૯.૦૯ |
| ચાંદખેડા | ૧૩૩૩ | ૧૦૭૬ | ૮૦.૮૨ |
| કલોલ | ૧૪૩૬ | ૧૨૦૦ | ૮૩.૫૭ |
| માણસા | ૮૮૨ | ૭૮૨ | ૮૮.૬૬ |
| દહેગામ | ૯૩૯ | ૮૮૮ | ૯૪.૫૭ |
| નાંદોલ | ૩૫૭ | ૩૪૩ | ૯૬.૦૮ |
| ઝીંડવા | ૩૬૫ | ૩૩૨ | ૯૦.૯૬ |
| કનિપુર બહિયલ | ૬૨૭ | ૫૮૧ | ૯૨.૬૬ |
| ચંદ્રાલા | ૧૫૫ | ૧૩૨ | ૮૫.૧૬ |
| છાલા | ૨૩૯ | ૨૧૮ | ૯૧.૨૧ |
| ડભોડા | ૩૭૭ | ૩૬૮ | ૯૭.૬૧ |
| ગાંધીનગર દક્ષિણ | ૯૮૩ | ૮૬૬ | ૮૮.૧૦ |
| અડાલજ | ૩૮૨ | ૨૯૧ | ૭૬.૧૮ |
| લવારપુર | ૨૮૪ | ૨૬૧ | ૯૧.૯૦ |
| લિંબોદ્રા | ૪૦૧ | ૩૮૪ | ૯૫.૭૬ |
| પરબતપુરા | ૨૯૬ | ૨૩૪ | ૭૯.૦૫ |

## ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં નગરની શાળાઓનુ પરિણામ

| શાળાનુ નામ | બેઠા | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૨૮૮ | ૨૮૪ | ૯૮.૬૧ |
| સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૨૩૮ | ૨૨૬ | ૯૪.૯૬ |
| આર જી કન્યા વિદ્યાલય સે-૨૩ | ૨૪૭ | ૨૨૫ | ૯૧.૦૯ |
| એમ બી પટેલ ઈંગ્લીશ મીડી સ્કુલ સે-૨૩ | ૧૧૯ | ૧૦૬ | ૮૯.૦૮ |
| સે-૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર | ૯૮ | ૮૮ | ૮૯.૮૦ |
| સે-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર | ૩૫ | ૩૧ | ૮૮.૫૭ |
| સે-૭ જે એમ ચૌધરી સ્કુલ | ૪૨ | ૩૯ | ૮૬.૯૧ |

## ધો-૧૨ સામાન્ય પ્રવાહના તેજસ્વી વિદ્યાર્થીઓ

| વિદ્યાર્થીનુ નામ | શાળા | મેળવેલ ગુણ (૭૦૦ |
|---|---|---|
| આંચલ પરેશભાઈ પટેલ | એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૬૬૨ |
| ઋતુ યોગેશકુમાર શાહ | એન કે સ્કુલ ઓફ કોર્મસ | ૬૬૨ |
| આનલબેન રાજેશકુમાર પટેલ | એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૬૫૬ |
| અપુર્વા કે જોષી | સે-૨૩ આર જી કન્યા વિદ્યાલય | ૬૫૪ |
| ખુશી એસ પટેલ | સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૬૪૬ |
| વૈભવી ધનજીભાઈ સોલંકી | એન કે સ્કુલ ઓફ કોર્મસ | ૬૫૧ |
| યશરાજસિંહ હીતેન્દ્રસિંહ સિસોદીયા | એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૬૪૦ |
| મિતેશ આર પટેલ | સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૬૩૮ |
| ધૃવી એમ મહેતા | સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૬૩૮ |
| ધારા બી કાવર | સે-૨૩ આર સી પટેલ સ્કુલ | ૬૩૭ |
| હેત એસ પ્રધાન | સે -૨૩ આર સી પટેલ સ્કુલ | ૬૩૭ |
| નિરાલી નિશાન્તકુમાર પંચાલ | સે-૨૩ એમ બી પટેલ સ્કુલ | ૬૩૪ |
| પ્રેક્ષા જે પટેલ | સે-૨૩ આર જી કન્યા વિદ્યાલય | ૬૩૨ |
| કેવિલ નરેશકુમાર સોલંકી | એન કે સ્કુલ ઓફ કોમર્સ | ૬૩૧ |



મહેનત મજૂરી કરીને પેટીયુ રળતા પરિવારો માટે બાળ ઉછેરની ટીપ્સ કોઈ કામની નથી. કારણ કે તેમણે તો ગરીબી સામે લડવા અને બે ટંકનું ભોજન મેળવવા કારમી મજૂરી કરવી પડે છે. પતિ-પત્નિ બંને સવારથી સાંજ કારમી મજૂરી કરે ત્યારે માંડ બે છેડા ભેગા થાય છે. તેમના માટે બાળઉછેર એટલે મજૂરીની સાથે સાથે થતુ કામ... જ્યાં મજૂરીકામ હોય ત્યાં બાળકને સાથે લઈ જે સાથે હોય તે ખવડાવી-પીવડાવીને બાળકને મોટુ કરાય છે. જ્યાં જગ્યા મળે ત્યાં કપડું બાંધીને બાળકનું ઘોડીયુ તૈયાર કરી દેવાય છે. આકરી ગરમી હોય કે કડકડતી ઠંડી મજૂરી કરતા દંપતિનું બાળક આવી જ રીતે ઉછરીને મોટુ થાય છે. અખબાર ભવનની સામે કાંટાળી તાર અને ત્યાં પાર્ક કરેલ બાઈકની સાથે ઘોડીયું બાંધીને શ્રમજીવી મા એ બાળકને સુવડાવી દીધું છે. બાળક મોજથી આ કામચલાઉ ઘોડીયામાં સુઈ રહ્યું છે.

# ચિંતા શહેર-જિલ્લામાં કોરોનાના વધુ પાંચ કેસ

**કોરોના સંક્રમણ જે રીતે વધી રહ્યુ છે તે ચોથી લ્હેર તરફની ગતિ હોય તેવુ લાગે છે : શહેરમાં વધુ ૪ કેસ તો ગ્રામ્ય વિસ્તારમાં ૧ કેસ નોંધાયો : શહેરના રાંદેસણમાં એક જ દિવસમાં ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ એક કેસ નોંધાયો છે. શહેર-જિલ્લામાં એક સાથે પાંચ કેસ નોંધાતા તંત્ર વધુ સતર્ક બન્યુ છે. રાજ્યમાં પણ કોરોનાના કેસોએ ગતિ પકડી છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટતાં લોકો જે બિફિકરા બન્યા છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે અને હવે જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તે કોરોનાની ચોથી લ્હેર તરફની ગતિ હોય તેવુ લાગી રહ્યું છે.

ગાંધીનગર શહેરમાં છુટા છવાયા કેસો સતત મળી રહ્યા છે. તો ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાંથી જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ લોકોમાં પણ ભયનો માહોલ વધી રહ્યો છે.

ગ્રામ્ય વિસ્તારો કે જે સેમી અર્બન એરિયા તરીકે ઓળખાય છે તેવા વિસ્તારમાંથી કેસો મળતાં તંત્ર ચિંતીત બન્યુ છે અને તમામ મેડીકલ ઓફિસરોને ચાંપતી નજર પરિસ્થિતિ પર રાખવા તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ત્રણ મહિલા દર્દી છે. એક પરિવાર પણ કોરોનામાં સપડાયુ છે. આજે નોંધાયેલ ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે કોબામાંથી એક અને રાંદેસણમાંથી ૩ કેસ નોંધાયા છે. રાંદેસણ એ ત્રીજી લ્હેર વખતે સંવેદનશીલ બનીને ઉભર્યુ હતુ આજે ત્યાંથી એક સાથે ૩ કેસ મળ્યા છે. જેમાં એક દંપત્તિનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે કોબામાંથી એક ૨૬ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતી હિમાચલ પ્રદેશમાં ટ્રેકીંગ માટે ગઈ હતી અને પરત ફર્યા બાદ કોરોનાના લક્ષણો જણાતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

રાંદેસણમાંથી એક દંપત્તિ તેમજ એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંદેસણની મહિલા અમદાવાદ મુલાકાતે ગઈ હોવાનું જાણવા મળેલ છે. જ્યારે દંપત્તિ કામ માટે અમદાવાદ અને ગાંધીનગર શહેરમાં આવતુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના રાંચરડા ગામે એક ખાનગી હોટલમાં કુક તરીકે નોકરી કરતા યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે ગાંધીનગર સિવિલમાં રિપોર્ટ કઢાવ્યો હતો અને તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ યુવાને વેક્સિનના બન્ને ડોઝ લીધા હતા. જો કે કોરોનાના હળવા લક્ષણો જણાતાં આ યુવકના હોમ આઈસોલેશનના વિકલ્પને તંત્રએ ગ્રાહ્ય રાખ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪ દર્દી હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ચારેય કેસ રાંચરડા પી.એચ.સી. વિસ્તારમાં છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકાર રીતે થાય તે માટે સૂચનાઓ આપી છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૦ જેટલા લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના એક્ટીવ કેસની સંખ્યા ૩૦ને પાર થઈ છે. એક દર્દી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરી છે.


શિક્ષકો જોઈએ છે જે.એમ.ચૌધરી વિદ્યા સંકુલ, ગાંધીનગર
(ઉચ્ચતર માધ્યમિક વિભાગ)
(English Medium), Contact :- 8780364472
(1) M.A., B.Ed. (English, Social Studies)
(2) B.A./M.A., B.P.Ed./M.P.Ed.
Preference to - Candidate having experience, studied throughout English Medium Institutes.
(ગુજરાતી માધ્યમ), સંપર્ક:- ૯૮૭૯૭૫૮૫૮૫
(૧) એમ.કોમ., બી.એડ. (બી.એ., એસ.પી. ભણાવી શકે તેવા)
ઉમેદવારોએ હસ્તલિખિત અરજી, માર્કશીટ અને બીજા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે નીચે આપેલા સરનામે તા.૧૪-૦૬-૨૦૨૨ ને ૧૨-૦૦ વાગ્યા પહેલા પહોંચાડવી.
અરજદારે અરજીમાં પોતાનો સંપર્ક નંબર અવશ્ય લખવો
મહામંત્રી, શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, કોલેજ કેમ્પસ, વર્કશોપ સામે, સેક્ટર-૭, ગાંધીનગર.



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧


**મનપાએ આઝાદી કા અમૃત મહોત્સવ પર્વને અંતર્ગત**

## દરેક કાઉન્સીલરને ૭૫ વૃક્ષના વાવેતરનો લક્ષ્યાંક અપાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં ‘મિલીયન ટ્રી’ના વાવેતરના લક્ષ્યાંક સાથે આગળ વધી રહેલ મનપાએ આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભાજપના દરેક કાઉન્સીલરને ૭૫ વૃક્ષોનું વાવેતર કરવા અને તેના જતન માટેનો લક્ષ્યાંક ફાળવી આપ્યો છે.

મનપાના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે મનપાએ સેવાસેતુના વોર્ડ નં. ૩ ખાતે ૧૦ વૃક્ષોનું વાવેતર કરી વન મહોત્સવની ઉજવણીનો આરંભ કર્યો છે.

આઝાદી કા અમૃત મહોત્સવની અનોખી ઉજવણી કરવા પ્રધાનમંત્રી મોદીએ પંચાયત મહા સંમેલનમાં દરેક ગામમાં ઓછામાં ઓછા ૭૫ વૃક્ષોનું વાવેતર કરવા જણાવ્યુ હતુ તેમાંથી મનપાએ સંકલ્પ લઈ અને તેના દરેક કાઉન્સીલરને ૭૫ વૃક્ષોનું વાવેતર કરવા તેમજ તેના જતન માટેની જવાબદારી સાથે હાલ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઈ લક્ષ્યાંક આપ્યો છે.

તાજેતરમાં મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં પણ ગાંધીનગર શહેરને ગ્રીન સીટીનું બિરૂદ પાછુ મળે અને વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે ખાસ પ્લાસ્ટીક બેગો, કુંડા અને નેટ્સની ખરીદી કરવાનો નિર્ણય કર્યો હતો જે ઉલ્લેખનીય છે.

મિલીયન ટ્રી ના વાવેતરને લઈ આખો રોડમેપ હાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. આ તો વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઈને જ ટારગેટ કાઉન્સીલરોને આપવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આજે ગાંધીનગરમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીને લઈ અનોકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. મનપા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેના જતનની જવાબદારી સાથેનું જન જાગૃત્તિ છેડવાની પણ વાત તેના રોડમેપમાં સમાવી હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — ASTRAL PIPES — PRINCE PIPING SYSTEMS — Jaquar experience bathing — DR. FIXIT — Birla White THE WHITEST WHITE CEMENT — VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com